# મમતાના ગઢમાં મોદીની મહા ગર્જના

## જનચેતના રેલીમાં લાખો લોકો ઉમટ્યા : ત્રીજા મોરચાને હંમેશ માટે ફગાવી દેવા નરેન્દ્ર મોદીની લોકોને અપીલ

કોલકાતા,તા. ૫

ગુજરાતના મુખ્યમંત્રી અને ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદીએ આજે પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી અને તૃણમૂલ કોંગ્રેસના નેતા મમતા બેનર્જીના ગઢમાં જોરદાર રેલી યોજી હતી. મોદીની રેલીમાં મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા. મોદીએ તેમના આક્મરક અંદાજમાં કહ્યુ હતુ કે દેશને બરબાદી તરફ ધકેલી દેનાર લોકો હવે ત્રીજા મોરચાની રચના કરવાના પ્રયાસમાં લાગી ગયા છે. ત્રીજા મોરચાને હંમેશા માટે વિદાય આપી દેવા લોકોને મોદીએ અપીલ કરી હતી સાથે સાથે મોદીએ લોકસભાની ચૂટણીમાં તમામ બેઠકો ભાજપને આપીને આવનાર સમયમાં બેવડા લાભ ઉઠાવવા પશ્ચિમ બંગાળના લોકોને અપીલ કરી હતી. નરેન્દ્ર મોદીની જન ચેતના રેલીમાં લાખો લોકો ઉમટી પડ્યા હતા. કોલકાતાની રેલીમા મોદીએ ઈમોશનલ કાર્ડ રમવાનો પ્રયાસ કર્યો હતો. હાલ રાષ્ટ્રપતિ રહેલા પ્રણવ મુખર્જીના મુદ્દાનો પણ તેમણે ઉલ્લેખ કર્યો હતો. મોદીએ તેમના ભાષણની પૂર્ણાહૂતિ વંદે માતરમના નારા સાથે કરી હતી. મોદીએ કહ્યુ હતુ કે જો ભાજપને તમે ટેકો આપશો તો અમે સુરાજ્ય આપવા વચન આપી રહ્યા છીએ. વિકાસના મુદ્દા પર પણ મોદીએ વાત કરી હતી. ત્રીજા મોરચાનો વિશેષરીતે ઉલ્લેખ કર્યો હતો. બિનસાપ્રદાયિક વાદના ગાણા ગાઈ રહેલા લોકોની ઝાટકણી કાઢતા





મોદીએ કહ્યુ હતુ કે બિનસાંપ્રદાયિકવાદ અંગે તેમની પરિભાષા બિલકુલ સ્પષ્ટ છે. તેમણે કહ્યુ હતુ કે સરકાર માટે એક જ ધર્મ હોય છે અને તે રાજધર્મ હોય છે. એકજ સેવા હોય છે અને તે લોકોની સેવા હોય છે. આસામ, પશ્ચિમ બંગાળ અને અન્ય કેટલાક રાજ્યોમાં બાંગ્લાદેશી ધૂસણખોરોનો મુદ્દો પણ મોદીએ ઉઠાવ્યો હતો અને કહ્યુ હતુ કે દેશના લોકોને રોજગારી અને વિકાસ મામલે પ્રથમ હક્ક મળે છે. જ્યારે પણ ચૂંટણી નજીક આવી પહોંચે છે ત્યારે રાજકીય પક્ષો બે બાબતો લઈને સપાટી પર આવી જાય છે જેમાં ગરીબ અને બિનસાપ્રદાયિકવાદનો સમાવેશ થાય છે. બિનસાંપ્રદાયિકવાદના ગાણા શરૂ થઈ જાય છે. આ રાજકીય પક્ષો મુસ્લિમોને માત્ર વોટબેંક તરીકે ગણે છે. થર્ડ ફ્રન્ટ ભારતને થર્ડ ગ્રેડ બનાવી દેશે. આને હંમેશા માટે ફગાવી દેવાની જરૂર છે. પશ્ચિમ ભારતમાં કોઈ પણ થર્ડ ફ્રન્ટના લોકોને શાસનની તક મળી નથી. જ્યાં ત્રીજા મોરચાનું શાસન રહ્યુ છે ત્યાં દેશની હાલત કફોડી બની ગઈ છે. નરેન્દ્ર મોદીએ તેમના ભાષણમાં બંગાળી ભાષાનો પણ ઉલ્લેખ કર્યો હતો.પશ્ચિમ બંગાળમાં કૃષિનો કેમ વિકાસ થઈ રહ્યો નથી. વિકાસના મામલે બંગાળ હવે પાછળ રહી ગયુછે. બંગાળે હંમેશા દેશમાં પ્રગતિ અને દિશાનું નેતૃત્વ કર્યુ છે. બંગાળના લોકો ક્રાંતિકારી રહ્યા છે. રાજ્યની ચૂંટણીમાં બંગાળી લોકો સાહસી નિર્ણય કરી ચુક્યા છે. હવે ૨૦૧૪માં પણ વધુ એક સાહસી નિર્ણય કરવાની જરૂર છે. પશ્ચિમ બંગાળમાથી જો ભાજપને તમામ બેઠકો મળશે તો મમતા બેનર્જીને મતદાન કરવાની બાબત તેમના માટે ફાયદાકારક રહેશે. કારણ કે કેન્દ્રથી પણ લાભ મળશે. મોદીએ કહ્યુ હતુ કે આ વખતની ચૂંટણીમાં રાજકીય પંડિતોની ગણતરી ખોટી સાબિત થશે. ગુજરાત અને બંગાળ વચ્ચે ખૂબ સારા સંબંધોની વાત પણ મોદીએ કરી હતી. મુસ્લિમો સાથે ભેદભાવની મોદીએ વાત કરી હતી. ગુજરાતમાં મુસ્લિમ પશ્ચિમ બંગાળની સરખામણીમાં વધારે સમૃદ્ધ છે.

## ત્રીજા મોરચા માટે પ્રાદેશિક પક્ષોની બેઠક

નવી દિલ્હી,તા. ૫

લોકસભાની ચૂંટણી નજીક આવી પહોંચી છે ત્યારે ત્રીજા મોરચાન પ્રયાસ વધુ તીવ્ર બનાવી દેવામાં આવ્યા છે. બિન કોંગ્રેસી અને બિન ભાજપ ૧૧ પાર્ટીઓએ આજે સંસદમાં એક મજબૂત વિકલ્પની તૈયારી હાથ ધરી હતી. સંસદ સંકૂલમાં પત્રકાર પરિષદનું આયોજન પણ કરવામાં આવ્યુ હતુ જેમાં ચાર ડાબેરી પક્ષો, સમાજવાદી પાર્ટી, જનતાદળ યુનાઈટેડ, અન્નાદ્રમુક, અસમ ગણ પરિષદ, ઝારખંડ વિકાસ મોરચા, જનતાદળ એસ અને બીજેડીનો સમાવેશ થાય છે. ડાબેરી નેતા સીતારામ યેચુરી અને જનતાદળ યુનાઈટેડના અધ્યક્ષ શરદ યાદવે કહ્યુ હતુ કે ગયા વર્ષે ઓક્ટોબરમાં આ જ પક્ષોને દિલ્હીમાં મહત્વપૂર્ણ બેઠક મળી હતી. હવે બીજુ પગલુ લેવામાં આવી રહ્યુ છે. યેચુરીએ કહ્યુ હતુ કે પ્રાથમિકરીતે લોકોને અસર કરે તેવા મુદ્દા ઉઠાવવા માટે એક બ્લોકની રચના કરવામાં આવી છે.

તેમણે કહ્યુ હતુકે ભ્રષ્ટાચાર વિરોધી છ બિલને લઈને પણ આ મોરચામાં ગંભીરતા છે. શિયાળુ સત્ર બાદ બ્લોકના ભાવિ પર આગળ વધવામાં આવશે. લોકસભા ચૂંટણી પહેલા સામાન્ય મુદ્દાઓ પર ૧૧ પક્ષોએ હાથ મિલાવ્યા છે. આ વર્ષે મે મહિના સુધી લોકસભાની ચૂટણી યોજાનાર છે. બિહારના મુખ્યમંત્રી નીતિશકુમાર, સમાજવાદી પાર્ટીના વડા મુલાયમસિંહ અનો જેડીએસના વડા દૈવગોડા સાથે પણ વાતચીત થઈ ચુકી છે. નવમી અથવા ૧૦મી ફેબ્રુઆરીના દિવસે વધુ એક બેઠક યોજાશે જેમાં કુમાર, શરદ યાદવ, દૈવગોડા અને અન્ય નેતાઓ ત્રીજા મોરચા માટે બ્લુપ્રિન્ટ તૈયાર કરશે. બીજી બાજુ નીતિશનું કહેવું છે કે અમે નવા મોરચાની તૈયારીમાં છીએ. એનડીએમાં પરત ફરવાો નીતિશકુમારે હાલમાં જ ઈન્કાર કર્યો હતો. જય લલિતાએ સીપીએમ અને સીપીઆઈ સાથે ચૂંટણી પહેલા જોડાણ કરવાની જાહેરાત કર્યા બાદ આજની બેઠક યોજાઈ હતી.

## નેતાઓના પગારને વધારી ભ્રષ્ટાચારને રોકી શકાય છે

નવી દિલ્હી,તા.૫

ઈન્ફોસીસના સ્થાપક એનઆર નારાયણ મૂર્થિએ કહ્યું છે કે નેતાઓના પગારમાં વધારો કરવાથી ભ્રષ્ટાચારને રોકવામાં મદદ મળશે. નેતાઓને કોર્પોરેટ જગતના ટોચના અધિકારીઓની સરખામણીમાં પગારની ચૂકવણી કરવી જોઈએ જેથી તેઓ ઈમાનદારીથી કામ કરી શકશે. મૂર્થિના આ નિવેદનથી ઘણા લોકો સહમત નથી. આ નિષ્ણાંતોનું કહેવું છે કે નેતાઓને પહેલાંથી જ જંગી રકમ મળે છે સાથે સાથે તમામ સુવિધાઓ પણ મળે છે. ભારત સરકારને ભ્રષ્ટાચાર મુક્ત બનાવવાના પાસાં ઉપર મૂર્થિ ચર્ચા કરી રહ્યા હતા. મૂર્થિએ કહ્યું હતું કે નેતાઓને મહેનતના બદલે તેટલા જ સ્તરના પગાર અને પ્રોત્સાહન નહીં આપીને અમે નેતાઓને એવું કામ કરવા પ્રેરિત કરી રહ્યા છીએ જે કામ નેતાઓએ કરવું જોઈએ નહીં. જ્યારે કોઈ રાજકીય નેતા ઈમાનદારીથી જીવન જીવવાના પ્રયાસ કરે છે ત્યારે તેને પૂરતી મદદ મળતી નથી. એક રાજનેતાને મહેનતની સાથે સાથે ખૂબ વધારે યાત્રા પણો કરવી પડે છે.

આના માટે પૂરતી રકમ મળે તે જરૂરી છે. હાલમાં નેતાઓને જે ચૂકવણી કરવામાં આવે છે તે તેમના કામની સરખામણીમાં ખૂબ ઓછી રકમ છે. એક ટેકનોલોજી નિષ્ણાંત તરીકે નારાયણ મૂર્થિએ આ મત આપ્યો હતો. તેમને એમ પણ કહ્યું હતું કે દેશને યોગ્ય માર્ગ ઉપર લાવવા માટે એખ માત્ર સરકારને જવાબદાર ઠેરવી શકાય નહીં. આના માટે લોકોને પણ કઠોર પરિશ્રમ કરીને યોગદાન આપવું જોઈએ. અમને પણ એવા વર્કફોર્સની જરૂર છે જે હાર્ડ વર્કિંગ છે અને દેશ ઉપર ગર્વ કરે છે.

## બદ્રીનાથ ધામના પ્રવેશદ્વાર પાંચમી મેના દિવસે ખુલશે

દહેરાદૂન,તા.૫

પવિત્ર બદ્રીનાથ ધામના પ્રવેશ દ્વારને પાંચમી મેના દિવસે વહેલી પરોઢે ખોલી દેવામાં આવશે. ઠંડીના દિવસોમાં મંદિરના પ્રવેશ દ્વારને પાંચ મહિના સુધી બંધ રાખવામાં આવે છે. બદ્રી-કેદાર મંદિર સમીતિના મુખ્ય કારોબારી અધિકારી ગણેશ ગોધિયાલે માહિતી આપતા કહ્યું છે કે હિમાલય પર્વતમાં સ્થિત આ પવિત્ર યાત્રાધામના પ્રવેશ દ્વારને પાંચમી મેના દિવસે વહેલી પરોઢે ખોલી દેવામાં આવશે. તેમને કહ્યું છે કે બદ્રીનાથ ધામના પ્રવેશદ્વારને વિધિવત રીતે ખોલવાની તારીખ અને સમયની જાહેરાત પંડિત આચાર્ય કૃષ્ણપ્રસાદ દ્વારા કરવામાં આવી ચૂકી છે. વસંત પંચમીના દિવસે આની જાહેરાત



કરવામાં આવી હતી. તેમને કહ્યું છે કે બદ્રી-કેદાર મંદિર સમીતિના અધિકારીઓ, શાહી પરિવારના વંસજ અને સ્થાનિક ભાજપના સાંસદ અને અન્ય સાથે વાતચીત કરવામાં આવ્યા બાદ આ અંગેની જાહેરાત કરવામાં આવી હતી. સુપ્રસિદ્ધ બદ્રીનાથ ધામના પ્રવેશદ્વાર ગયા વર્ષે ૧૮મી નવેમ્બરના દિવસે પૂજાવિધી કરવામાં આવ્યા બાદ બંધ કરી દેવામાં આવ્યા હતા. આ અગાઉ ગયા વર્ષે જૂનમાં કુદરતી હોનારતના કારણે મંદિર યાત્રા ત્રણ મહિના સુધી બંધ કરી દેવામાં આવી હતી.

બદ્રીનાથની યાત્રામાં લાખોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ પહોંચે છે આવી સ્થિતિમાં શ્રદ્ધાળુઓમાં મંદિરના પ્રવેશ દ્વાર ક્યારે ખોલાશે તેની ચાલી રહેલી અટકળોનો અંત આવી ગયો છે. બદ્રીનાથ ધામની આસપાસના વિસ્તારોને કુદરતી હોનારત બાદ ફરી વ્યવસ્થિત કરી દેવામાં આવ્યા છે.

છેલ્લા કેટલાક દિવસથી ચાલી રહેલી અટકળોનો પણ આની સાથે અંત થઈ ગયો છે. હાલમાં બદ્રનાથ ધામ ખાતે મંદિરના પ્રવેશદ્વાર ખોલવાને લઈને તૈયારી ચાલી રહી છે. શ્રદ્ધાળુઓને કોઈપણ પ્રકારની તકલીફ ન પડે તે માટેના પ્રયાસો પણ હાથ ધરવામાં આવ્યા છે. શ્રદ્ધાળુઓ માટે રહેવાની વ્યવસ્થાના પાસાં ઉપર પણ ચર્ચા થઈ રહી છે.

## ટુજી કૌભાંડ : કાનીમોઝી સામે કેસ ખૂબ જ નબળો

નવી દિલ્હી,તા.૫

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)ને પ્રવેન્સન ઓફ મની લોન્ડ્રીંગ એક્ટ (પીએમએલએ) હેઠળ ડીએમકેના વડા કરુણાનિધીની પુત્રી કાનીમોઝી સામે ખટલો ચલાવવા કાયદા મંત્રાલય તરફથી લીલીઝંડી મળી શકે છે પરંતુ ઈડીના અધિકારીઓ પણ માની રહ્યા છે કે ટુજી કૌભાંડમાં કાનીમોઝીનો કેસ ખૂબ જ નબળો છે. કાનીમોઝી સામે વધારે કાર્યવાહી કરી શકાય તેવી સ્થિતિ નથી. કાનીમોઝી સામે કેસ નબળો હોવાના કેસ બાદ ડીએમકેને રાહત થઈ છે. ઈડીના અધિકારીઓ પણ માને છે કે કાનીમોઝીને અપરાધી ઠેરવી શકાય તેવી સ્થિતિ દેખાઈ રહી નથી. કરુણાનિધીના પત્ની દયાલુ અમ્મલનો છોડી દીધા બાદ કાનીમોઝી સામે ટુજી કૌભાંડમાં કેસ ખૂબ જ નબળો પડી ગયો છે. દયાલુ અમ્મલને છોડી દીધા બાદ અને આ કેસમાં ચાવીરૂપ સાક્ષી તાજના સાક્ષી બની ગયા બાદ કેસ નબળો પડી ગયો છે. ઈડી દ્વારા શ્વાન ટેલીકોમ દ્વારા ડીએમકે પ્રમોટેડ કલેગનર ટીવીને ૨૧૪ કરોડ રૂપિયાના ટ્રાન્સફરના મામલાાં તપાસ કરવામાં આવી રહી છે. ડીએમકેને નેતા રાજા આ બનાવ વેળા ટેલિકોમ પ્રધાન હતા. ઈડીના અધિકારીઓ પીએમએલએ હેઠળ ચાર્જશીટ રજૂ કરવાના અંતિમ તબક્કામાં છે. કાયદા મંત્રાલય દ્વારા હાલમાં જ આગળ વધવાની મંજૂરી આપી દીધી હતી. ટુજી કૌભાંડમાં સીબીઆઈ દ્વારા દાખલ કરવામાં આવેલી ચાર્જશીટના આધાર ઉપર ઈડી કેસ રહેલો છે. સીબીઆઈએ શરૂઆતમાં આ કેસમાં આરોપી તરીકે અમ્મલની તપાસ કરી હતી. કલેગનર ટીવીમાં તેમની હિસ્સેદારીને લઈને તપાસ થઈ હતી. મોડેથી તેમને પ્રોસીક્યુશન સાક્ષી બનાવી લેવામાં આવ્યા હતા. આ કેસમાં સીબીઆઈના મુખ્ય સાક્ષી રહેતા કલેગનર ટીવીના ડિરેક્ટર પી અમીરથમ પણ ગયા વર્ષે માર્ચ મહિનામાં સીબીઆઈ કોર્ટમાં યુટર્ન લઈને પોતાનું નિવેદન બદલી નાંખ્યું હતું. અમીરથમે સીબીઆઈને એમ કહ્યું હોવાનું જાણવા મળ્યું છે કે કાનીમોઝી આ ચેનલના સ્થાપક ડિરેક્ટર હતા. કાનીમોઝીએ ચેનલની દરરોજની બાબતોમાં રસ લીધો હતો. નવા ઘટનાક્રમના આધાર ઉપર ઈડી દ્વારા હવે કાનીમોઝીને ફસાવવાની શક્યતા ઓછી દેખાઈ રહી છે. અમીરથમે તેમના નિવેદનને પરત ખેંચી લઈને કાનીમોઝી સામે કોઈ ગંભીર દોષારોપણ કર્યા નથી. કલેગનર ટીવીએ પણ એવો ખુલાસો કર્યો છે કે તેને મળેલા ૨૧૪ કરોડ રૂપિયામાં કોઈ ગેરરીતિ નથી.

## જનલોકપાલ બિલને લઈ એએપી ગૂંચમાં

આમ આદમી પાર્ટીના જન લોકપાલ બિલ આડે શ્રેણીબદ્ધ તકલીફો આવી રહી છે. દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે ઈન્દીરા ગાંધી સ્ટેડિયમમાં વિધાનસભા સત્ર બોલાવીને બિલ પાસ કરવાની વાત કરી હતી પરંતુ સ્ટેડિયમ બુક હોવાના કારણે આ જગ્યા મળી શકી નથી. હવે જગ્યા માટે સરકારે ઉપરાજ્યપાલને પત્ર લખીને વિધાનસભાના ખુલ્લા સત્રની માંગ કરી છે પરંતુ ઉપરાજ્યપાલ હાલ મૌન પાળી રહ્યા છે. બીજી બાજુ આ બિલને લઈને કોંગ્રેસ અને ભાજપે આમ આદમી પાર્ટીનો જોરદાર વિરોધ કર્યોછે. દિલ્હી જનલોકપાલ બિલના મુસદ્દાને કેન્દ્ર સરકારને નહીં મોકલવાને લઈને આમ આદમી પાર્ટીને સમર્થન આપી રહેલી કોંગ્રેસ પાર્ટીએ જોરદાર વાંધો ઉઠાવ્યો છે અને કહ્યું છે કે આ બિલને વિધાનસભામાં રજૂ થવાની મંજૂરી આપવામાં આવશે નહીં. કોંગ્રેસ વિધાનસભા પક્ષની બેઠકમાં એવો નિર્ણય કરવામાં આવ્યો છે કે તેઓ કોઈપણ ગેરબંધારણીય બિલને મંજૂરી આપશે નહીં.

## આધારને રાષ્ટ્રપતિની મંજૂરી મળી છે : હવે સુપ્રીમનો પ્રશ્ન

નવી દિલ્હી,તા.૫

આધારકાર્ડ જારી કરવાની યુપીએ સરકારની ફ્લેગશીપ સ્કીમને લઈને નિષ્ણાંત લોકો ચર્ચા કરી રહ્યા છે ત્યારે આ મામલો સુપ્રીમ કોર્ટમાં પહોંચી ગયો છે. યુનિક આઈડેન્ટીફિકેશન ઓતોરિટી ઓફ ઈન્ડિયા દ્વારા આધારકાર્ડ જારી કરવાની સ્કીમ શરૂ કરવા રાષ્ટ્રપતિની મંજૂરી લેવામાં આવી છે કે કેમ તેવો પ્રશ્ન સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને કર્યો છે આને લઈને વધુ વિગત સપાટી ઉપર આવે તેવી શક્યતા દેખાઈ રહી છે. આધારકાર્ડને કોઈપણ કાયદેસરની મંજૂરીને લઈને સ્કીમને પડકાર ફેંકીને દાખલ કરવામાં આવેલી શ્રેણીબદ્ધ અરજીઓ ઉપર સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટની ત્રણ જજની બેન્ચે આ પ્રશ્ન કર્યો હતો. સુપ્રીમ કોર્ટની બેન્ચે આ સ્કીમ શરૂ કરવા રાષ્ટ્રપતિની મંજૂરી લીધી છે કે કેમ તેવો પ્રશ્ન કેન્દ્રને કર્યો છે. એવું પણ ધ્યાનમાં આવ્યું છે કે જો સરકારે આ સ્કીમમાં સ્વૈચ્છિક રીતે જોડવવાની વાત કરી છે તો તેમાં કોઈ ખોટી વાત નથી પરંતુ કલ્યાણ યોજનાઓનો લાભ મેળવવા માટે આ સ્કીમ ફરજિયાત હોવી જોઈએ નહીં. કોર્ટે એસજી મોહન પ્રરસારણને આ પ્રોજેક્ટની કાયદાકીય મંજૂરીના સંદર્ભમાં ખુલાસો કરવા સૂચના આપી છે. હવે આ મામલે વધુ સુનાવણી ૧૧મી ફેબ્રુઆરીના દિવસે હાથ ધરવામાં આવશે. સુપ્રીમ કોર્ટે ૨૩મી સપ્ટેમ્બરના દિવસે એક વચગાળાનો આદેશ કર્યો હતો ને જણાવ્યું હતું કે કલ્યાણ યોજનાઓને લંબાવવા માટે આધારકાર્ડને ફરજિયાત બનાવી શકાય નહીં. સુપ્રીમ કોર્ટે આ તારણ આપ્યા બાદ આદારકાર્ડને લઈને સમગ્ર પ્રક્રિયા ધીમી પડી ગઈ હતી. વરિષ્ઠ વકીલ શ્યામ દેવાને કહ્યું છે કે ખાનગી સંસ્થાઓને આપવામાં આવેલા તમામ આંકડાઓની ચકાસણી થઈ રહી છે. સુધારા માટે વ્યક્તિગતો તરફ પણ ધ્યાન આપવામાં આવી રહ્યું છે. આધારકાર્ડ જારી કરવા માટે ફ્લેગશીપ સ્કીમ શરૂ કરવાને લઈને રાષ્ટ્રપતિની મંજૂરીનો મામલો હવે સપાટી ઉપર આવતા કેન્દ્ર સરકારને વધુ કેટલાક ખુલાસા કરવા પડે તેવી શક્યતા દેખાઈ રહી છે. આધારકાર્ડની પ્રક્રિયા હજુ પણ પરિપૂર્ણ થઈ નથી. ઘણા રાજ્યમાં આ પ્રક્રિયા ઝડપથી ચાલી રહી છે પરંતુ તેમાં ખૂબ સમય લાગી શકે છે. બેન્કોની પણ મદદ આમા લેવામાં આવી રહી છે.

## સમાચાર ઝલક

- *તેલગંણા મુદ્દે બંને પક્ષો તરફથી સંસદ બહાર હોબાળો, સંસદ પણ આજે મુલતવી રહી.*
- *સ્પેક્ટ્રમની હરાજીની આવકથી દેશની ખાધમાં ઘણી મોટી રાહત મળશે.*
- *બહુચરાજીમાં ત્રિ-દિવસીય મહોત્સવનો પ્રારંભ.*
- *લોકસભાની ચૂંટણી અગાઉ ત્રીજો મોરચો સક્રિય બનશે.*
- *દિલ્હીમાં બીજા મુખ્યપ્રધાન કિરણ રેડ્ડી ધરણાં કરશે.*
- *ભૂતપૂર્વ ક્રિકેટર નવજોત સિદ્ધુ લોકસભાની ચૂંટણી લડશે નહીં.*
- *કે.ડી. વણજારાની જામીન અરજી તા.૧૨મી સુધી ઠેલાઇ.*
- *પંજાબ-હરિયાણાના ભક્ત આસુતોષ મહારાજ મૃત હોવાનો અહેવાલ, અનુયાયીઓ બંધક હોવાનું માને છે, કોર્ટમાં અહેવાલ રજૂ કરાયો.*
- *દૂધસાગર ડેરીના ચેરમેન વિપુલ ચૌધરીને ફરીથી હાઇકોર્ટનો ઝટકો, અવિશ્વાસની દરખાસ્ત નિમિત્તે મળ્યો.*
- *કુડોલપાલ ટ્રેક્ટર અકસ્માતમાં ૧૫ મૃતકોએ શંકરસિંહ વાઘેલાએ પોતાના ટ્રસ્ટમાંથી સહાય આપી.*
- *શેરબજારમાં નેગેટીવ ઓપનીંગ, સાવચેતીનો માહોલ.*
- *સંસદમાં ૩૯ બિલો પડતર છે, તે મંજૂર કરવા સર્વપક્ષોને વડાપ્રધાનનો અનુરોધ. એક પણ બિલ પસાર થવાની શક્યતા નથી.*
- *'આપ' પાર્ટીને વિદેશી દાન અંગે દિલ્હી હાઇકોર્ટ લાલઘૂમ.*
- *બ્રિટનમાં પુરગ્રસ્ત વિસ્તારમાં ભારે તારાજી, પ્રિન્સ ચાર્લ્સે પણ પુરગ્રસ્તોની મુલાકાત લીધી.*
- *દેશમાં અમીર-ગરીબ વચ્ચે તફાવત વધતો ગયો : આંકડાકીય સર્વે.*
- *રાજસ્થાનના આઇ. એ. એસ. અધિકારી મોહંતી દુષ્કર્મના કારણે સસ્પેન્ડ.*

## અમિતાભ અને રજનીકાંત હવે આમને સામને આવશે

મુંબઈ,તા.૫

બોલિવુડના મહાનાયક અમિતાભ બચ્ચને અને દક્ષિણ ભારતીય ફિલ્મોના મહાનાયક રજનીકાંતની ફિલ્મો ૧૧મી એપ્રિલના દિવસે બોક્સ ઓફિસ પર ટકરાવવા જઈ રહી છે. અમિતાભની ફિલ્મ ભૂતનાથ રિટર્ન ૧૧મી એપ્રિલના દિવસે રિલિઝ થવા જઈ રહી છે જ્યારે રજનીકાંતની તમિળ ફિલ્મ કોચાદાઈયા પણ આ વર્ષે ૧૧મી એપ્રિલના દિવસે રજુ થવા જઈ રહી છે. આ ફિલ્મમાં રજનીકાંત ઉપરાંત દિપીકા, શરદકુમાર, જેકીશ્રોફની મુખ્ય ભૂમિકા છે. ફિલ્મનું નિર્દેશન રજનીકાંતની પૂત્રી સૌંદર્યા આર અશ્વીન કરી રહ્યા છે. ફિલ્મનું સંગીત એઆર રહેમાન તૈયાર કર્યુ છે. અમિતાભની ભૂતનાથ ફિલ્મની સિક્વલ ભૂતનાથ રિટર્ન રજુ થનાર છે. આ ફિલ્મમાં અમિતાભ ઉપરાંત બોમન ઈરાનીની મુખ્ય ભૂમિકા છે. રણદિર કપૂર આ ફિલ્મમાં કેનિયો કરી રહ્યા છે. જાણકાર લોકોનું કહેવું છે કે બે મહાનાયકની એક સાથે એક જ દિવસે ફિલ્મ રજુ થવા જઈ રહી છે. અમિતાભ બચ્ચન અને રજનીકાંતે હિન્દી સિનેમામાં એક સાથે કેટલીક સુપરહિટ ફિલ્મોમાં ભૂમિકા ભજવી છે જેમાં અંધાકાનૂન, ગિરફતાર અને હમ જેવી ફિલ્મોનો સમાવેશ થાય છે. હવે ફિલ્મી પર્દા પર આ બંને એક સાથે ટકરાવવા જઈ રહ્યા છે. રજનીકાંતની ફિલ્મ મળી ગયા બાદ દિપીકા ખૂબજ ખુશ છે. આ વખતે તેની મોટા ભાગની ફિલ્મો બોક્સો ઓફિસ પર હિટ રહી છે.

## હ્યુન્ડાઈએ એક્સેન્ટ કાર ભારતમાં અંતે રજુ કરી

નવી દિલ્હી,તા. ૫

દક્ષિણ કોરિયાની ઓટો કંપની હ્યુન્ડાઈએ આજે કોમ્પેક્ટ સેડાન કાર એક્સસેન્ટ રજુ કરી હતી. આ કારની લાંબા સમયથી લોકો રાહ જોઈ રહ્યા હતા. આ કારની મંદીના દોરમાં નીકળી રહેલા ભારતીય કાર બજાર માટે ખૂબજ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. ભારતીય કાર બજાર માર્કેટમાં સસ્તી કારોની માંગ વધી રહી છે. તેવા સમયમાં આ કાર લોન્ચ કરવામાં આવી છે. સામન્યરીતે કોમ્પેકેટ સેડાન કાર ચાર મિટરથી ઓછી લાંબી હોય છે અને તેના પર ઓછા એક્સાઈઝ ટેક્સ લાગે છે. સ્થાનિક કાર માર્કેટમાં હાલમાં કોમ્પેક્ટ સેડાન કાર સૌથી ઝડપથી માંગ ધરાવતી કાર છે.

## બોગસ નોટ પરત ખેંચવાના નિર્ણયથી પાકિસ્તાન ફસાયું

નવી દિલ્હી,તા.૫

જૂના નોટ પરત લઈને પાકિસ્તાનને ભારત સરકારે તેની જ જાળમાં ફસાવી લેવાની તૈયારી કરી લીધી છે. પાકિસ્તાન દ્વારા છેલ્લા ઘણા વર્ષથી ભારતીય બજારમાં બોગસ નોટોને ઉતારી લીધા હતા જેથી ઘણી તકલીફ થઈ રહી હતી. અર્થતંત્રને અસ્થિર કરવા માટે પાકિસ્તાન દ્વારા લેવાઈ રહેલા પગલાંને ધ્યાનમાં લઈને ભારત સરકારે હવે જૂની નોટ પરત લેવાનો નિર્ણય કરી લીધો છે જેથી પાકિસ્તાન તેની જ જાળમાં ફસાઈ ગયું છે. ભારત સરકારે વર્ષ ૨૦૦૫થી પહેલાં પ્રિન્ટ થયેલી ૫૦૦ અને ૧૦૦૦ની નોટ પરત લેવાનો નિર્ણય કરી લીધો છે. એક સિનિયર અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે પાકિસ્તાને ૨૦૦૫થી પહેલાના ૧૦૦, ૫૦૦ અને ૧૦૦૦ રૂપિયાની સરકારી નોટોની એક સમાન કોપી તૈયાર કરી લીધી છે. આ બાબતના પુરાવા મળી ચૂક્યા છે. ભારતીય નોટ સિક્યુરિટીના મામલે મજબૂત પણ ન હતા. આવી સ્થિતિમાં આરબીઆઈએ હવે કઠોર પગલાં લઈને જૂની નોટને પરત ખેંચવાનો નિર્ણય કર્યો છે. આરબીઆઈની આ કવાયતનો મુખ્ય હેતુ ૨૦૦૫ પહેલાની બનાવટી નોટને સિસ્ટમમાંથી બહાર કરવાનો છે. પાકિસ્તાને આ નોટની એટલી હદ સુધી નકલ કરી છે કે સામાન્ય વ્યક્તિ ૨૦૦૫ પહેલાની નકલી અને અસલી નોટ વચ્ચે અંતર કરી શકવામાં સફળ નથી. આરબીઆઈએ કહ્યું છે કે એક્સચેન્જ દરમિયાન બનાવટી નોટ માટે કોઈ મૂલ્ય મળશે નહીં. રિઝર્વ બેંકે પોતાના ૨૩મી જાન્યુઆરીના આદેશમાં કહ્યું હતું કે ૨૦૦૫થી પહેલા જારી કરવામાં આવેલા નોટ ટ્રાન્જેક્શનમાં માત્ર ૩૧મી માર્ચ સુધી સ્વીકારવામાં આવશે. ભારતીય અર્થતંત્રને અસ્થિર કરવા પાકિસ્તાન બોગસ નોટ છાપવાની ગતિવિધીમાં વ્યસ્ત છે તેવા અહેવાલ આવ્યા બાદથી સુરક્ષા છાવણીમાં ચિંતા હતી. આરબીઆઈએ હવે આક્રમક રમત રમીને પાકિસ્તાનને તેની જ યોજનામાં ફસાવી લીધી છે.